Chap-4

# 'સાગર'ની ઐહિક વિચારણા

# પ્રકરણ ૪

## પ્રકરણ ૪

## 'સાગર' ની ઐહિક વિચારણા

આગળના પ્રકરણમાં આપણે 'સાગર'ના અધ્યાત્મચિંતનની અને સાધનમાર્ગની વિગતે ચર્ચા કરી આપણે જોઇ ગયા કે ઇ.સ. ૧૯૧૫ ના 'સાગર'ના હિમાલય નિવાસ દરમિયાન સાગરે પોતાના જીવનના પરમ ધ્યેયની પ્રાપ્તિ કરી, ગુજરાતમાં પાછા આવ્યા પછી જીવનનાં એકવીસ વરસ ચિત્રાલ – તા: પાદરામાં જગતનો બાહ્યત્યાગ કર્યા વિના ગૃહસ્થાશ્રમની બધી જ જવાબદારીઓ અદા કરીને પણ આત્માનુભવી સંત તરીકે શેષ જીવન વ્યતીત કર્યું.

પોતાનો જીવનવ્યવહાર નિભાવીને, આત્માનુભવ પ્રાપ્ત કર્યા પછી પણ જીવનના વ્યવહાર દરમિયાન પૂર્ણ ધાર્મિક જીવન દ્વારા 'સાગરે' સ્પષ્ટ પ્રતીત કરાવી આપ્યું કે સામાન્ય વ્યવહારમાં પણ ધાર્મિક જીવનની અત્યંત આવશ્યકતા છે અને આધ્યાત્મિક જગતમાં પૂર્ણતા પ્રાપ્ત કરેલા માનવીએ પણ પોતાનું ઐહિક જીવન ધાર્મિકતા દ્વારા વ્યતીત કરવું જોઇએ, એમ દર્શાવી ~~[illegible]~~ને સામાન્ય માનવી માટે પણ જીવનમાં ધાર્મિક આચરણ પ્રત્યેક કાર્યમાં કેટલું આવશ્યક છે તેની પત્રો દ્વારા વિગતે ચર્ચા કરી છે. સામાન્ય માનવીનું પ્રત્યેક કાર્ય ધર્મરૂપ હોવું જોઇએ – એ ઉપર ભાર મૂકીને સાગરે સામાન્ય માનવી માટે ધાર્મિક જીવન દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ માટે વિવિધ સૂચનો કર્યા છે.

'સાગર'ની ઐહિક જીવન અંગેની વિચારણા મુખ્યત્વે કેળવણી, જગત્સેવા અને સુધારણા, રુઢિના નિયમો અને વર્ણાશ્રમવ્યવસ્થા તથા લગ્નમીમાંસા અને એવા બીજા સામાજિક પ્રશ્નોને પણ આવરી લે છે. 'સાગર' મણિલાલની માફક આ દરેક પ્રશ્નોમાં અભેદ માર્ગ – અદ્વૈતનો સિધ્ધાન્ત રજૂ કરે છે, પરંતુ બન્ને વચ્ચેનો મૂળભૂત તફાવત આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ.

### જીવનમાં ધર્મનું સ્થાન

'સાગર' જીવનના પ્રત્યેક વ્યવહારમાં ધર્મના આચરણને અત્યંત આવશ્યક ગણાવે છે. તે માને છે કેઃ ~~અંતઃકરણને જે~~ "સત્યને લાગે તેને સર્વોપરી સ્નેહથી ચાહવું જોઇએ,

અને સત્યરૂપ થવામાં જે જે નડતું હોય તેને વીરત્વથી હઠાવવું એ માનવીનો સ્વધર્મ રહ્યો છે. સત્ય શું છે એની પિછાન કરવા માટે લીનતા અને દૃઢ આગ્રહને આવશ્યક ગણાવે છે.[2]

સત્ તો પરમ સત્ એક જ છે. જે શાશ્વત અસ્તિત્વ ધરાવે છે તે જ પરમ સત્ છે. અને એટલે પરમ સત્ પરમાત્મા સિવાય બીજી બધી જ નાશવંત બાબતોમાં – દુનિયાની પ્રપંચી લાલચોમાં મન ન પરોવતા જીવનની પ્રત્યેક સ્થિતિમાં પ્રભુપ્રીતિ સાથે એકતાર રાખીને જીવન વીતાવવું જોઇએ. 'સાગર' માને છે કે એ જ સર્વોપરિ ધર્મ છે.[3]

નાશવંત બાબતોમાં મન ન લાગે એ માટે શું કરવું ? પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે? એ મૂળભૂત પ્રશ્નોની વિચારણા પ્રત્યેક મનુષ્યને માટે આવશ્યક છે 'સાગરે' 'મુમુક્ષુ વિચારણા' અને 'પરમાત્માને પામવા શું કરવું ?' એ બન્ને પુસ્તિકાઓમાં એની વિગતે ચર્ચા કરી છે અને પૂર્ણ ધાર્મિક જીવન જીવવા માટે એમણે કેટલાક નિયમો પણ દર્શાવ્યા છે. આ બન્ને પુસ્તિકાઓમાં, તેમ જ 'સાગર'ની પત્રરેખામાં એ સ્પષ્ટ દર્શાવે છે કે મનને સાચી સાધુતાથી રંગી દેવું અને તેને ખરેખરું ફકીર બનાવવું જોઇએ એટલે એ યોગી થયેલા મન વડે કરેલી ભક્તિની મુક્તિ તો માત્ર દાસી જ છે. તમામ દુનિયાદારી ઉપરાંત વૃત્તિના નિશ્ચયાત્મક અભ્યાસને પણ તે આવશ્યક માને છે.[4]

સાગર જગત પ્રત્યેના રાગને જ 'માયા' કહે છે અને આ જગત પ્રત્યેનો રાગ પરમાત્મા પ્રત્યેના દૃઢ રાગમાં પરિવર્તન પામે તો આપોઆપ દુનિયાદારી ઉપર ઉપરામ વૃત્તિ જાગી શકે, એમ તે માને છે અને એટલે જ તે કહે છે કે સ્થૂલની પ્રબળ ઉપેક્ષા વિના સુખ પ્રાપ્ત થઇ શકે નહીં. શાન્તિનો કાયમનો અનુભવ પ્રાપ્ત

............

[1] સાગરની પત્રરેખા પૃ. ૨૪

[2] એજન, પૃ. ૨૫

[3] એજન, પૃ. ૪૮

[4] એજન, પૃ. ૪૯

કરવા માટે માનવીએ પોતાની બધીજ ઇચ્છાઓ પ્રેમના લક્ષણ તરીકે પરમાત્માની ઇચ્છામાં હોમી દેવી જોઇએ. સુખ અને દુઃખનો અનુભવ જગતને મન વડે થાય છે એટલે મનને આત્મામાં શમાવ્યા પછી એ દ્વૈતનો વિલય થાય છે.[૫] [illegible] કે જ દરેક પ્રસંગમાં પરમાત્માની ઇચ્છાને ઓળખીને તેને જ અનુકૂળ થનાર જીવને તો ગમે તેવા વિષમ પ્રસંગે પણ રતિભાર સુધ્ધાં આનંદ ઘટતો નથી.[૬]

ધાર્મિક પૂર્ણતાનું લક્ષણ દર્શાવતાં 'સાગર' કહે છે કે પ્રાપ્ત સ્થિતિમાં પરમ સંતોષ અને દરેક પ્રકારની ફરિયાદની કાયમને માટે ગેરહાજરી એ જ પૂર્ણતાની નિશાની છે. જીવનમાં જે જે અરુચિકર લાગતું હોય તેને પરમાત્મા ઉપર દૃઢ શ્રધ્ધા રાખી રુચિકર બનાવવું જોઇએ. નિજાનંદની ખુમારી એટલી પ્રબળ હોવી જોઇએ કે મનને તોફાનો કરવાની તક મળે જ નહીં.[૭]

સનાતન ધર્મવિચારણામાં 'સાગર' અભક્તિ અથવા અપ્રીતિને જ દુઃખનું, પાપનું બંધનનું અને અજ્ઞાનનું મુખ્ય કારણ ગણાવે છે.[૯] મીરાંબાઇ કે તુકારામ જેવા એ પરમાત્માની પ્રાપ્તિ - અપ્રીતિ - અભક્તિનો નાશ કરીને કરી છે.[૧૦] શ્રીમદ્-ભગવદ્ગીતાની વિચારણા કરતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે "શ્રીકૃષ્ણ અર્જુનને દુનિયા છોડી દઇને જંગલમાં જતા રહેવાનું કે ભગવાં કપડાં પહેરીને બાવા થવાનું જ્ઞાન આપતા નથી.

વૈરાગ્ય-સતત ભક્તિની અનન્ય વૃત્તિ અને એક ને એક જ અભ્યાસથી મનનું ગ્રહણ થાય છે. મન પકડાય છે. ભક્તિમાં વૃત્તિ માત્રની લીનતા ન હોય તો મન પકડી શકાતું નથી."[૮]

...........

૫ એજન, પૃ. ૪૫

૬ એજન, પૃ. ૪૭

૭ એજન, પૃ. ૫૫

૮ એજન, પૃ. ૬૩

ભક્તિ એ જ જીવન, એ જ મનનું, બુધ્ધિનું અને ચિત્તની બધી લાગણીઓનું કાર્ય બને ત્યારે જ સાચું ભક્તજીવન અનુભવાય અને મનને જરૂર પકડાય.

મન, બુધ્ધિ અને ચિત્તની આપણી અંદરની ત્રિપુટીને ભજનનું મહાકાર્ય સોંપી દેવું જોઇએ. એ ત્રણમાંથી કોઇ કશીએ બીજી ગતિ કે મતિ કે કૃતિ કદાપિ કરે નહીં. જરા યે અવ્યવસ્થા કદાપિ કરે નહીં એ જોવું જોઇએ. માનવીનો આ જ શાશ્વત ધર્મ છે. અને આ શાશ્વત ધર્મને અનુસરનારા સુખ અને શાંતિ તેમજ બ્રહ્મજયોતિ સુધ્ધાં આપણને શોધતાં શોધતાં આવે છે. આ જ સનાતન નિયમ છે.[૯]

'સાગર' ધર્મવિચારણામાં ~~[illegible]~~ તેમજ પત્રરેખામાં પણ કહે છે કે "પૂરો રાગી કે પૂરો ત્યાગી જ હુંપણું ગુમાવી શકે છે ~~અને~~ ધર્મનો અદ્‌ભુત અનુભવ તો, ખરેખર, પૂરા રાગીને કે પૂરા ત્યાગીને જ થાય છે."[૧૦]

પરમાત્મા પ્રત્યેની અનન્ય પ્રીતિને જ 'સાગર' વૈરાગ્ય કહે છે એટલે આપણે આગળ જોઇ ગયા છીએ તેમ 'સાગર' યોગવાસિષ્ઠના વેદાંતને પ્રાધાન્ય આપે છે.

અને એટલે જ 'સાગર' સ્વામી અદ્વૈતાનંદજીને લખેલા પત્રમાં બાહ્યત્યાગી-સંન્યાસની ચર્ચા કરતાં એમને સ્પષ્ટ દર્શાવે છે કે "પૂર્ણ પુરુષાર્થથી પૂર્ણ પ્રાપ્તિ બળ વડે આત્મનો ત્યાગ આવતો શકાય તો, બાહ્ય ત્યાગની કશી જરૂર નથી. યોગવાસિષ્ઠ, ભગવદ્‌ગીતા, આરણ્યક ગુરુ દત્તાત્રય ~~[illegible]~~ નથી. અને સ્વામી રામ સ્વદેહીં આવા બાહ્યત્યાગનો આગ્રહ કદાચ રાખતા હોત એવું સાગર જોઈ શકતો નથી." ૧૧.

'સાગર' દૃઢપણે માને છે કે જગતથી હારેલા, કાયર અને નિર્બળ મનુષ્યો માટે સંન્યાસ સેકન્ડ કલાસ માર્ગ છે. આંતરત્યાગ કરવાનું બળ જેનામાં નથી, તેને માટેનો આ માર્ગ છે. 'સાગર' દૃઢપણે માને છે કે "જયાં સુધી પવિત્ર ફરજની પ્રેરણાનું ઢોલ અંદરથી સંભળાય નહીં ત્યાં સુધી વેશ બદલવાની કશી જ અગત્ય નથી."[૧૨]

...........

[૯] એજન, પૃ. ૬

[૧૦] એજન, પૃ. ૧૨

[૧૧] એજન, પૃ. ૫૧

[૧૨] એજન, પૃ. ૫૬

સંન્યાસીની વ્યાખ્યા આપતાં તે કહે છે કે મનને આત્મામાં કાયમનું શમાવી દેતા આવડવું જોઇએ. જે શમાવી શકે તે જ સન્યાસી. પોતાનું ઘર અને કુટુંબ પોતાની પ્રતિભા વડે સંન્યાસરૂપ કરીને અનુભવે તે જ સાચો સંન્યાસી છે. ગીતાનો, યોગ વાસિષ્ઠનો અને ભગવાન મનુનો ઉલ્લેખ કરતાં તે કહે છે "Realization in married life થઇ શકે, અને એમાં બાવા બનવાની કશી વિશિષ્ટ અગત્ય નથી અને એ જ ખરું છે".[13]

એકાન્તનિવાસને માટે સન્યાસીની અપેક્ષાનો ઇન્કાર કરતાં 'સાગર' કહે છે કે "માનવીએ જે કંઇ કરવાનું છે તે એટલું જ છે કે પોતાની અપૂર્ણતાઓનો પૂર્ણતામાં વિલય કરવાનો છે અને જગત જેવું જે કંઇ દેખાય છે તેની મનસા વાચા કર્મણા સેવા કરવાની છે."[14]

સ્વામી વિવેકાનન્દ તથા રામતીર્થના વિચારોને નિષ્કર્ષ દર્શાવતાં 'સાગર' કહે છે કે "સંન્યાસી એટલે જીવદશાને લીધે ઉત્પન્ન થતા મનોવિકાર માત્રને આત્મામાં - આત્મજ્ઞાનમાં લય પમાડવું તે અને એ કૃતિ જો ગૃહસ્થાશ્રમમાં કે વાનપ્રસ્થાશ્રમમાં સાધ્ય થઇ શકતી હોય તો ભગવા પોશાકની કશી અગત્ય નથી.[15]

પૂર્ણ પુરુષ નું લક્ષણ દર્શાવતાં 'સાગર' એટલા જ માટે સ્પષ્ટ કહે છે કે "વનમાં જવું નહીં અને ઘરમાં રહેવું નહીં એ મુક્તને રહેવાનું સ્થાન છે. કશું છોડવું નહીં અને કશું રાખવું નહીં એ એની સ્થિતિ છે - સહજનું ઘર એ તમારું ઘર છે."[16]

જેમ્સ એલનનું સ્વીકારતાં 'સાગર' કહે છે કે પોતે પૂર્ણતા અનુભવવી એ સર્વોપરિ ધર્મ છે.[17]

.......

[13] એજન, પૃ. ૬૧

[14] એજન, પૃ. ૫૯

[15] એજન, પૃ. ૬૮-૬૯

[16] એજન, પૃ. ૬૯

[17] એજન, પૃ. ૬૫

પૂર્ણતા અનુભવવા માટેનો માર્ગ દર્શાવતાં 'સાગર' [એમના શબ્દોમાં] કહે છે કે દુ:ખો અથવા અપૂર્ણતાઓ થનારી દૃષ્ટિને જ્ઞાનમાં ઓગાળી દેવી અને વિશ્વવ્યવસ્થાના આ અનાદિથી ચાલતા આવતા ક્રમમાં ભળી જવું એ જ સૌ કોઇએ કરવાનું છે. આજ 'સાગર' સ્પષ્ટ કહે છે કે
[આમાં] પોતાના અહં નો પરમાત્માની એક માત્ર ઇચ્છામાં લય કરનાર – ગીતાના કર્મયોગીને તો જીવનમુક્તિનો અનુભવ થયા વિના રહેતો નથી. 'સાગર' માને છે કે "'હું' પણું ગમાવવું એ જ મુખ્ય વાત છે, – જેનાથી કર્મયોગને માર્ગે એ બની શકે તેને કપડાં રંગવાની જરૂર નથી – પૂર્ણ થવા માટે ભગવાં કપડાં બિલકુલ જરૂરનાં નથી એ મારું કહેવું છે.[18]

આ જ પત્રમાં સંબંધ પૂરતાં સત્ય અને સનાતન સત્ય વચ્ચેનો તફાવત દર્શાવતાં 'સાગર' કહે છે કે "'સર્વશ્વખિવદં બ્રહ્મ' – એ જ સર્વોપરી સત્ય છે– હેતુ ઉપરથી નિપજાવેલી ક્રમિક નિયંત્રણા અમુક સ્થિતિ સુધી અમુક કાર્યને ધર્મ કે અધર્મ રૂપે મનાવે એ ઇન્ટરમિજિયેટ' કથા છે."[19] આગળ એમના 'સાગર' સમજાવે છે કે,

"ભગવો રંગ અમુક રૂપક છે એ સાચું છે પણ એ બધા સંબંધ પૂરતાં જ સત્ય છે– સનાતન સત્યમાંનાં નથી."[20]

'સાગર' દૃષ્ટાંત આપતાં કહે છે કે "રામચન્દ્રે, જનકે અને નરસિંહ – મીરાં જેવાં ભકતોએ ભગવાં પહેર્યાં નહીં તેથી કંઇ એમની અપૂર્ણતા નથી. સત્યની સાથે એમની એકતા છે કે નહીં એ જ મહત્વનો સવાલ છે. પછી બાહ્ય સ્થિતિને ફેરફાર આપવો કે નહીં એ બહુ આવશ્યક રહેતું નથી."[21]

<u>'સાગર'ની લગ્ન અને દંપતીધર્મ અંગેની વિચારણા.</u>

સાગરે [આધ્યાત્મિક] સ્ત્રીપુરુષ વિચારણા, લગ્નવિચાર અને દંપતીધર્મ નામના એક પત્રમાં, થાકેલું હૃદય નામક કથાકાવ્યમાં તેમજ 'સાગર'ની પત્રરેખામાં રજૂ થઇ છે.

............

[18] એજન, પૃ. ૬૫

[19] એજન, પૃ. ૬૩

[20] એજન, પૃ. ૬૮

[21] એજન, પૃ. ૬૮

`સાગર' માત્ર બાલ લગ્નને લગ્ન ગણાવતા નથી. શરીરથી તેમ જ હૃદયથી જોડાનાર જ સાચીરીતે લગ્નગ્રંથિથી જોડાયેલાં છે એમ `સાગર' દ્રઢપણે માને છે. ગૃહસ્થધર્મ જીવન ભોગવતાં દંપતી માટે કૌટુંબિક નિયંત્રણોની આવશ્યકતા સાગર સ્વીકારે છે. જુઓ

“આંતરલગ્નમાં ઉષ્માની પ્રેરક સ્ત્રી છે અને તે આકર્ષક છે. હૃદય તે છે, સ્નેહ તે છે અને પ્રાથમિક વિધાયક બનીને તે સ્નેહ ખેંચે છે. અને તેની ઉષ્માની શક્તિનું વિધેય પુરુષહૃદય છે. તે પ્રકાશ છે, તે જ્ઞાન છે. તે બુધ્ધિ છે, તે ડહાપણ છે. તે ખેંચાય છે અને તે પ્રમાણે ઉષ્મા અને પ્રકાશનું સંલગ્ન તે જ ખરું આંતરલગ્ન અને તેના પરિણામરૂપે હિત અને સત્યનાં શિશુ જન્મે છે અને એવાં લગ્ન શાશ્વત છે. શાશ્વત ફલ દે છે.” — `સુવાસના' વર્ષ [illegible] પૃ. ૫૪-૫૫

સ્ત્રી અને પુરુષનાં લક્ષણો દર્શાવતા `સાગર' સ્પષ્ટ કહે છે : “પુરુષ પુરુષ છે, સ્ત્રી સ્ત્રી છે અને બુધ્ધિ, જ્ઞાન, ડહાપણ, આસ્થા અને સત્ય એ પુરુષના તેમજ સ્નેહ, દયા, માર્દવતા, કોમલતા એ સ્ત્રીના સ્વભાવતઃ લક્ષણો છે. અને આ લક્ષણો જ્યાં અંતરમાં યથાસ્થિત પરસ્પર સંલગ્ન થાય છે ત્યાં જ આંતર-સંયોજન પણ થાય છે અને એ જ થઇ શકે તો આન્તરલગ્ન ભાગ્યે જ હોઇ શકે.”

પોતાના પતિના દરેક કૃત્ય તરફ એને પ્રેમ અને માન સિવાય બીજી લાગણી જ કદાપિ ઉત્પન્ન થઇ શકતી નથી.”[22] * * *.

* *—“પતિના હૃદયની દુનિયા જોવાને, જાણવાને, અને તેમાં ધીમે ધીમે વાસ પૂરવાને બનતો તમામ પ્રયત્ન કરવો તમે સાંભળ્યું છે કે પતિ એ પ્રભુ છે તો હવે એ શબ્દો માત્ર બોલવાના નથી, પણ ખરેખર આચરણમાં મુકવાના છે. એ તમે વિચારવા માંડો અને આચરવા માંડો.”[23]

લગ્નનું સાચું રહસ્ય સમજાવતાં આ જ પત્રમાં `સાગર' સમજાવે છે કે : “લગ્ન એટલે જ એકતા. લગ્નનો અર્થ જો આપણાં ભાઇબહેનો ખરેખર સમજે તો પતિ અને પત્ની વચ્ચે વિચારોની તેમજ આચરણની કશી જુદાઇ રહેવી ઘટતી નથી.”[24]

...........

[22] એજન, પૃ. ૫૪૮

[23] એજન, પૃ. ૫૪૯

[24] એજન, પૃ. ૫૫૨

પતિપત્ની ઉભયનું લગ્નજીવન ત્યારે જ સાર્થક થયું ગણાય જ્યારે બન્ને પરસ્પરને એકબીજાના પૂરક ગણે. પરસ્પરમાં એકતા સાધી શકે, આ જ પત્રમાં તે આ હકીકત સમજાવતાં કહે છે કે: "લગ્નવંતી સ્ત્રીને પોતાનું ડહાપણ પતિના ડહાપણથી કદાપિ જુદુ હોતું નથી. લગ્ન પામેલા પતિને પત્નીના સ્નેહ સિવાય બીજો સ્નેહ કદાપિ હોતો નથી. બીજા બધા સ્નેહો તમામ એકના સ્નેહમાં એ પ્રેમી હૃદય હોમી દે છે."[૨૫]

સાચા લગ્નની અપેક્ષા હોય તો કજોડા ન થાય તે માટે સાગર કહે છે: છોકરાને મોટો થવા દેવો અને એનામાં ગુણોત્પત્તિ પ્રગટે ત્યાં સુધી એને અવિવાહિત જ રાખવો. મારા બાળકને મારે પત્ની આપવી તેના કરતાં એને પત્ની શું છે એ બાબતનું જ્ઞાન જ આપવું એ પત્ની આપવા કરતાં લાખ ગણી ઉમદા નવાજેશ છે."[૨૬] સાગર કહે છે કે: "લગ્નની મૂળ ભાવના દેશમાંથી નષ્ટ થઇ ગઇ છે." એનું કારણ તે આ પ્રમાણે દર્શાવે છે: "સ્ત્રીના સ્નેહથી ખેંચનાર પુરુષના જ્ઞાનને પણ સ્ત્રી ખેંચનાર છતાં પણ આધીન હોય છે અને એટલા જ માટે તેઓ આન્તરમાં પરસ્પર એક થવાને પાત્ર હોય છે."[૨૬/૧]

સ્ત્રી-પુરુષના સમાન હકની અર્વાચીન ભાવના સામે 'સાગર'નો ખાસ વાંધો છે. સ્ત્રી અને પુરુષ ઉભયના ભિન્ન કાર્યક્ષેત્રોનો ઉલ્લેખ કરતાં કહે છે કે: "જે કાર્યો પ્રકાશમાંથી - પ્રકાશ દ્વારા અને પ્રકાશનાં જ ઉદભવે છે તે કરવાને સ્ત્રીનું સ્વતંત્ર હૃદય કદાપિ લાયક ઠરાવી શકાય નહીં. અને તે જ પ્રમાણે જે કાર્યો ઉષ્મામાંથી - ઉષ્મા દ્વારા અને ઉષ્માનાં છે તે કરવાને પુરુષ હૃદય સ્વતંત્રપણે કદાપિ લાયક થઇ શકે નહીં. અને કારણ સ્પષ્ટ જ છે પુરુષ પુરુષ થવાને પુરુષ રહેવાને સર્જાયો છે, અને સ્ત્રી તે સ્ત્રી થવાને, સ્ત્રી રહેવાને સર્જાઇ છે. અને આ પ્રમાણે ન હોય ત્યાં આંતર લગ્ન નથી હોતું."

............

૨૫ એજન, પૃ. ૫૫૫

૨૬ એજન, પૃ. ૫૯૯

૨૬/૧ 'રઝવાંરકળો' - વર્ષ ૨ અંક ૧ પૃ. ૫૪-૫૫.

આપણે અહીં હાલ 'લગ્ન' નથી તેનું કારણ જણાવતાં ~~સાગર~~ કહે છે કે:
"પુરુષમાં પુરુષ નથી અને સ્ત્રીમાં સ્ત્રી નથી. સ્ત્રી પુરુષ બનવા મથે છે અને પુરુષ પુરુષ હોય અથવા તે સ્ત્રી બનતો હોય તો પણ એ લગ્ન સંભવિત નથી તેમ જ સ્ત્રીમાં સ્ત્રી હોય અને પુરુષમાં પુરુષ ન હોય તો પણ તે લગ્ન સંભવિત નથી."

વળી, હિન્દુ આર્યલગ્નની વિશેષતા સમજાવતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે:
"આર્ય લગ્નમાં સ્ત્રી સ્ત્રી હતી, પુરુષમાં પુરુષ હતો... અને એ લગ્ન એટલે એકતા, એ જ પૂર્ણતા. એમાં જેટલી જેટલી ઉણપ તેટલી તેટલી લગ્નમાં અપૂર્ણતા."[27]

પત્નીની પતિ પ્રત્યેની ફરજ સમજાવતાં શિવગંગાબહેન મશરને લખેલા એક પત્રમાં 'સાગર' કહે છે કે : "લગ્નવન્તી થયા પછી પ્રત્યેક કન્યાએ પતિના હૃદયનો અભ્યાસ કરવો અને પતિના હૃદયમાં સ્થાન પામવા અને પતિને પોતાના હૃદયમાં સ્થાન આપવા સતત પ્રયત્ન કરવો એ એની ફરજમાં સૌથી પહેલું આવે છે. પત્ની તે છે કે જે પતિનો હૃદયની સાથી, સેવાનો અધિકાર પોતાની યોગ્યતા વડે પામી શકે છે અને પોતે પોતાનું પોતાપણું તમામ, પતિના પ્રેમમાં, પતિના આનંદમાં અને પતિના જીવનમાં હોમી દેતાં આનંદી થઇ શકે છે."[28]

બાળલગ્ન કોઇપણ રીતે હિતાવહ નથી એ સમજાવતા 'સાગર' મશરને લખેલા પત્રમાં જણાવે છે કે :"છોકરો પોતે પાળી શકે ત્યાં સુધી એને બ્રહ્મચર્યાશ્રમમાં રહેવા દેવો અને એ માટે એને બની શકતી તમામ અનુકૂળતાઓ કરી આપવી એ માબાપનું એના તરફ સૌથી વધારે આવશ્યક હિતકર્તવ્ય છે."[29] "વૈગુણ્યમય લગ્નને હું રાક્ષસની ઉપમા આપું છું અને હિન્દનાં બાળકોને એ રાક્ષસ નડતો હોવાથી જ આપણી આ અવદશા છે."[30] "દીકરીની ભાવિ જિન્દગાની વિશે અન્તરાત્મા જે પ્રેરણા કરે તેને હિંમતથી અનુસરવું એ જ વાત્સલ્યનું લક્ષણ છે."[31]

............

[27] દ્વિતીય વર્ષ, અંક ૧, સુવાચ્છના પૃ. ૫૪-૫૫

[28] 'સાગરની પત્રરેખા' પૃ. ૫૪૬

[29] એજન, પૃ. ૬૦૧

[30] એજન, પૃ. ૬૦૨

[31] એજન, પૃ. ૬૦૨

'લલિત'ને લખેલા એક પત્રમાં 'સાગર' સમજાવે છે કે: "યાજ્ઞવલ્ક્ય ને મૈત્રેયી તથા સીતા ને રામ જેવાં દંપતીઓ હાલ કેમ નથી ? લગ્નના શાસ્ત્રનું ઉલ્લંઘન કરવામાં આવે છે તે અટકાવો."[32]

## કેળવણી

'સાગર' બાહ્ય કેળવણીને સવિશેષ મહત્વ આપતા નથી, પરંતુ તે તો માને છે કે જ્ઞાન ગમે તે પ્રસંગો દ્વારા સહેલાઇથી પ્રાપ્ત થઇ શકે છે. મનુષ્યની જિન્દગાનીમાં જે જે બનાવો બને છે તે બધા તેને પ્રભુ તરફ અભિમુખ કરવાને માટે બને છે. બનાવ માત્ર ખરું જોતા તો અંતરમાં એક મહાન પેગમ્બર છે. મનુષ્યે તેના બાહ્ય સ્વરૂપથી મોહ ન પામતાં તેના આન્તર તરફ વળવું જોઇએ, અને તે દ્વારા શિક્ષણ પામવું જોઇએ. સાગરે એટલે જ સ્પષ્ટ કહ્યું છે કે :"વિશ્વ એક યુનિવર્સિટી છે અને સંબંધમાં આવતાં બધા મનુષ્યો જુદા જુદા વિષયોના ઉસ્તાદો યાને પ્રોફેસરો છે. જે બનાવો બને છે તે જુદા જુદા ક્રમિક લેસનો છે."[33] આ માટે પોતાની દરેક લાગણીને ત્રીજા પુરુષની પેઠે ઇન્સ્પેકટર બનીને જોયા કરવાની અને નિયમમાં રાખવાની 'સાગર' સલાહ આપે છે.[34]

અત્યારની કેળવણી વિશે ટીકા કરતાં 'સાગર' કહે છે કે:"નિશાળોની કેળવણી ગમે તેવી હોય પણ એ કેળવણી છે એવું માનવું જ શું કરવા ? એ તો ફકત લખવા વાંચવા શિખવાના ચરખા જ છે અને આપણે બાળકોને એ ચરખામાં તો એટલું જ શિખવવાને મૂકીએ છીએ. એમના ગુણસંસ્કાર ઘડવાનું કામ આપણા શિવાય બીજા કોઇનું નથી. વસ્તુ, વિચાર અને વસ્તુવિવેક શિખવવાનું કામ મારા સિવાય બીજા કોઇનું નથી."[35]

"હાલની કેળવણી એ તો એક મશીન છે. તે લખતાં, વાંચતાં ને વાતો કરતા શિખવે. હું એથી હજારગણું ઉમદા શિખવી શકું છું. એ કેળવણીની ખરાબ અસરો

..........

32 એજન, પૃ. ૧૨૬

33 એજન, પૃ. ૩૨૮

34 એજન, પૃ. ૩૨૯

35 એજન, પૃ. ૫૯૭

થવા ન પામે એ માબાપના હાથમાં છે.[૩૬]

ગામઠી નિશાળની પહેલાંથી આંક બોલાવી તે દ્વારા મુખપાઠની પધ્ધતિની યોગ્યતા વિશે 'સાગર' કહે છે: "સામાન્ય વિદ્યા પણ ત્રિપક્ષી ગણાય છે. ત્રિપક્ષી એટલે એની અસર માત્ર પ્રણ પખવાડીઆં ચાલે અને એટલા માટે ગામઠી નિશાળના મહેતાજીઓ સવારે ને સાંજે આખી નિશાળને આંક - મોં પાઠ બોલાવતાં - હાલની નિશાળોમાં આવું નથી. એ માનસશાસ્ત્ર પ્રમાણે મનને સમજવામાં વસ્તુસ્થિતિની કંઇક ગેરસમજૂતી છે."[૩૭]

અનન્તના અભિજ્ઞાનને અર્થે જ કેળવણી છે, એ ઉપર ભાર મૂકતાં 'સાગર' કેળવણીનું અંતિમ ધ્યેય પરમાત્મપ્રાપ્તિને ગણાવતાં પોતાના પુત્રને લખેલા એક પત્રમાં જણાવે છે કે : "હાલની યુનીવર્સિટીઓ અને હાલના છાત્રગણના સમૂહો એ વાત ન સમજે કે ન ગણકારે તો પણ તારે ને મારે તો એ મૂળ તત્વની ઉપેક્ષા કરવી પાલવે નહીં."[૩૮]

"પશ્ચિમની જાદુઇ કેળવણીએ જે આંધળી દૃષ્ટિ આપે છે તેનું પરિણામ છે. બાકી આર્યગૃહ - સંસારને નિયમન આપનાર મનુ ભગવાન અને બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય જેવા દૃષ્ટાઓ તો અતિથિ દેવોભવ એવા શ્રુતિવચનને જ અવલંબે છે."[૩૯]

"સ્ત્રીઓને નકલી પુરુષો બનાવવાનો જાણે યુરોપનો હેતુ હોય એવું પશ્ચિમનું શિક્ષણ છે. આર્યો સ્ત્રીને સ્ત્રી અને પુરુષ ને પુરુષ રાખવાનું નિયમન રચી ગયા છે."[૪૦]
આમ, ઐહિક-વિચારણામાં પણ 'સાગર' આધ્યાત્મિક દૃષ્ટિથી જુએ છે.

..........

[૩૬] એજન, પૃ. ૬૦૦

[૩૭] એજન, પૃ. ૫૦૧

[૩૮] એજન, પૃ. ૪૧૧

[૩૯] એજન, પૃ. ૮ - ૯

[૪૦] એજન, પૃ. ૧૦